અપીલ અરજી નં.૧૪૫ તા.૧૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭/૧૮–૭–૦૯ ની અરજીથી મુદ્દા ભેસ્તાન નહેર જીઆઈડીસી પાંડેસરા, વડોદ ગણેશનગર તરફથ જાય છે ત્યાં જય ભગવતી ડાઈંગની દિવાલની બાજુમાં રસ્તો તથા નહેર છે તેનાથી આગળ રસ્તો તથા નહેર સમાપ્ત કરી દીધેલ છે જય ભગવતી ડાઈંગની દિવાલનું લેવલ આગળની ત્રણ જેટલી કંપની/સંસ્થા ધ્વારા દિવાલ, નહેર તથા રસ્તા તરફ ખસેડેલ છે અને મહાનગરપાલિકાની હદમાં દિવાલ આગળ ખેંચી દિવાલ ધ્વારા ગેરકાયદેથી જમીન પર કબ્જો કરેલ છે જે મહાનગરપાલિકાની જાણ બહાર છે કે પરવાનગી લઈ દિવાલ આગળ ખસેડેલ છે તેની માહિતી સંસ્થાના નામ તથા રોડનું ક્ષેત્રફળ તથા નહેરની પહોળાઈ વિગેરે આપવા તથા પરવાનગી વિના ત્રણ જેટલી સંસ્થાએ દિવાલ આગળ ખસેડી હોય તો કાયદેસરની કાર્યવાહી કેમ થઈ નથી?અત્યારે પરિસ્થિતિ જોઈ માહિતી આપવી.સંસ્થાઓ સામે કાર્યવાહી થઈ છે કે? ન થઈ હોય તો કેમ? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૫/૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭/૧૮–૭–૦૯ ની અરજીથી મુદ્દા ભેસ્તાન નહેર જીઆઈડીસી પાંડેસરા, વડોદ ગણેશનગર તરફથ જાય છે ત્યાં જય ભગવતી ડાઈંગની દિવાલની બાજુમાં રસ્તો તથા નહેર છે તેનાથી આગળ રસ્તો તથા નહેર સમાપ્ત કરી દીધેલ છે જય ભગવતી ડાઈંગની દિવાલનું લેવલ આગળની ત્રણ જેટલી કંપની/સંસ્થા ધ્વારા દિવાલ, નહેર તથા રસ્તા તરફ ખસેડેલ છે અને મહાનગરપાલિકાની હદમાં દિવાલ આગળ ખેંચી દિવાલ ધ્વારા ગેરકાયદેથી જમીન પર કબ્જો કરેલ છે જે મહાનગરપાલિકાની જાણ બહાર છે કે પરવાનગી લઈ દિવાલ આગળ ખસેડેલ છે તેની માહિતી સંસ્થાના નામ તથા રોડનું ક્ષેત્રફળ તથા નહેરની પહોળાઈ વિગેરે આપવા તથા પરવાનગી વિના ત્રણ જેટલી સંસ્થાએ દિવાલ આગળ ખસેડી હોય તો કાયદેસરની કાર્યવાહી કેમ થઈ નથી?અત્યારે પરિસ્થિતિ જોઈ માહિતી આપવી.સંસ્થાઓ સામે કાર્યવાહી થઈ છે કે? ન થઈ હોય તો કેમ? તેની માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં કોઈ નિર્ણય મળ્યો નથી અને માહિતી મળેલ નથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭/૧૮ –૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૧ તા.૨૮–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ઉધના/આ.નં.૩૬૫૭ તા.૧૪–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૦૭૭ તા.૧૭–૮–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૦૯ (૬૦૦/૨૩૯)તા.૧૭/૧૮–૭–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયની વિગતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઝોન/ટેક./આ.નં.૩૦૭૭ તા.૧૭–૮–૦૯ થી " ઉપલબ્ધ રેકર્ડના અનુસંધાને જણાવવાનું કે વડોદમાં આવેલ જય ભગવતી ડાઈંગની આગળની સંસ્થા/કંપનીઓ ધ્વારા તાજેતરમાં એટલે કે આ વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં આમેજ થયા બાદ દિવાલનું બાંધકામ થયેલ નથી સદરહુ કંપનીને લાગુ નહેર પર સૂચિત ટીપી સ્કીમ નં.૬૩ (વડોદ) માં ૧૨.૦ મીટર નો ટીપી રસ્તો સૂચિત કરેલ છે. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે માહિતી મળી નથી અને કોઈ નિર્ણય મળેલ નથી તેવા કારણસર તા.૧૭–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૮–૦૯ ના રોજ માહિતી મોકલેલ છે તેજ દિવસે અરજદારે અપીલ કરેલ છે. અરજદારે અત્યારે પરિસ્થિતિ જોઈ માહિતી આપવા આગ્રહ સેવેલ છે. જે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨ (જે) થી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સાથે સુસંગત નથી. અરજદારની માહિતી નો અન્ય મુદ્દો મહાનગરપાલિકાની હદમાં દિવાલ ખેંચવાની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા સુરત મહાનગરપાલિકામાં આમેજ થયા બાદ બાંધકામ થયેલ નથી તેવી માહિતી આપેલ છે. તે દફતર સાથે સુસંગત હોવી જરૂરી છે. વિસ્તાર આમેજ થયા બાદ મળેલ દફતર અનુસારની હકીકતલક્ષી માહિતી જાહેર હિતમાં પણ જણાવવાનું ઉત્તરદાયિત્વ રહે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દિવાલ ખેંચવા બાબતે ઉપલબ્ધ દફતર અનુસાર મહાનગરપાલિકાની હદ બાબતે હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,